# યુએસ ઓપન ફાઈનલ: આજે શેલટન અને ઝવેરેવ સામસામે

**ફ્રેન્ચ** ઓપન ચેમ્પિયન ઝવેરેવ કારકિર્દીના બીજા ગ્રાન્ડસ્લેમ માટે પૂરો પ્રયાસ કરશે

**21 વર્ષ** પછી પ્રથમ અમેરિકન ચેમ્પિયન બનવા શેલટન ઉત્સુક

**બંને** વચ્ચે થયેલી અત્યાર સુધીની તમામ 5 મેચ ઝવેરેવ જીત્યો છે





ન્યૂયોર્ક, તા. 12 (એપી): ન્યૂયોર્કના ફ્લશિંગ મેડોઝ ખાતે યુએસ ઓપન ટેનિસ ટુર્નામેન્ટની પુરુષ સિંગલ્સની ખિતાબી ફાઈનલ મેચમાં ટોપ સીડ ધરાવતા જર્મનીના એલેક્ઝાન્ડર ઝવેરેવ અને અમેરિકાના નંબર વન ખેલાડી બેન શેલટન વચ્ચે રોમાંચક જંગ ખેલાશે.

ફ્રેન્ચ ઓપન ચેમ્પિયન ઝવેરેવ કારકિર્દીનું બીજું ગ્રાન્ડસ્લેમ ટાઈટલ જીતવાના લક્ષ્ય સાથે ઉતરશે, જ્યારે 23 વર્ષીય શેલટન 2003માં એન્ડી રોડિક પછી યુએસ ઓપન જીતનાર પ્રથમ અમેરિકન પુરુષ ખેલાડી બનવા ઈચ્છશે.

સેમિફાઈનલ મુકાબલાઓમાં શેલટને પોતાના દેશના ફ્રાન્સિસ ટિયાફો સામે 4-6, 6-3, 6-3, 7-5થી શાનદાર વાપસી કરીને જીત મેળવી હતી. ક્વાર્ટર ફાઈનલમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન કાર્લોસ અલકારાઝને મોડી રાત્રે રમાયેલી પાંચ સેટની કસોટીમાં હરાવનાર શેલટને ટિયાફો સામે 20 એસ ફટકારીને હોમ ગ્રાઉન્ડ પર પોતાની મજબૂત પકડ સાબિત કરી હતી. બીજી તરફ, ઝવેરેવે પ્રથમ સેમિફાઈનલમાં ગેર વરિષ્ઠ ખેલાડી કારેન ખાચાનોવને 6-3, 7-6 (7), 7-6 (6)થી સતત સેટોમાં માત આપીને ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. ઝવેરેવ આ સિઝનમાં ગ્રાન્ડસ્લેમ મેચોમાં 24-2નો ઉત્કૃષ્ટ રેકોર્ડ ધરાવે છે અને આ વર્ષે સતત ત્રીજી ગ્રાન્ડસ્લેમ ફાઈનલ રમી રહ્યો છે.

બંને ખેલાડીઓ વચ્ચેના હેડ-ટુ-હેડ આંકડા જોઈએ તો ઝવેરેવનો દબદબો રહ્યો છે, જેણે શેલટન સામેની તમામ 5 મેચો જીતી છે. ઝવેરેવનો મજબૂત સર્વિસ ગેમ અને બેકહેન્ડ શેલટન માટે મુશ્કેલી ઊભી કરતા રહ્યા છે. જોકે, આ ટુર્નામેન્ટમાં શેલટનના રીટર્ન પોઈન્ટ્સ, ડિફેન્સ અને લાંબી રેલીઓમાં માનસિક પરિપક્વતા જોવા મળી છે.

અગાઉ 2020માં યુએસ ઓપન ફાઈનલમાં હારનો સામનો કરી ચૂકેલો ઝવેરેવ પોતાની ભૂલો સુધારવા માગશે, જ્યારે શેલટન હોમ ક્રાઉડના જોરદાર સમર્થન સાથે 21 વર્ષ લાંબા અમેરિકન ગ્રાન્ડસ્લેમ દુકાળનો અંત લાવવા પૂરતો દમ લગાવશે.

# ઘરેલુ ક્રિકેટમાં પ્રથમ ઈનિંગ્સની સરસાઈથી જ સંતોષ માનવાની વૃત્તિ ચિંતાજનક

**જ્યારે** પ્રથમ ઈનિંગ્સની સરસાઈથી જ ટીમ વિજયી થઈ શકે છે તો તેઓ 20 વિકેટ લેવાના પ્રયાસ જ નથી કરતા, જેની અસર ભારતીય ક્રિકેટ પર પડે છે, આનો એક દાખલો હાલમાં શ્રીલંકામાં બીજી ટેસ્ટમાં જોવા મળ્યા જ્યારે છેલ્લા દિવસે ભારત જીત માટે બાકી રહેલી છેલ્લી 4 વિકેટ ન લઈ શક્યું

લાંબા સમય બાદ દુલિપ ટ્રોફી જીતવા બદલ ઈસ્ટ ઝોનની ટીમને ખૂબ ખૂબ અભિનંદન. બેટિંગમાં માત્ર એક મોટા નામ અને બોલિંગમાં એક મોટા નામ ધરાવતી ટીમ ટ્રોફી ઊંચકે તે ભારતીય ક્રિકેટ માટે એક સારો સંકેત છે. આ દર્શાવે છે કે જો કોઈ ટીમનું નેતૃત્વ સારું હોય અને ટીમમાં ઉત્તમ તાલમેલ હોય, તો તેઓ મેચો અને ટ્રોફીઓ જીતી શકે છે.નિરાશાજનક બાબત એ હતી કે ઈસ્ટ ઝોન સીધી જીત (આઉટરાઈટ વિન) માટે ન ગયું અને તેના બદલે તેણે પોતાની બીજી ઈનિંગ્સને બિનજરૂરી રીતે ખેંચી. બંને કેપ્ટનો નિર્ધારિત સમય કરતા વહેલી મેચ સમાપ્ત કરવા સંમત થયા તે પણ યોગ્ય લાગતું નથી. જો મેચ વહેલી જ પૂરી કરવી હતી, તો પછી લંચના સમયે જ કેમ બંધ ન કરવામાં આવી, જ્યારે એ સ્પષ્ટ હતું કે બાકીના બે સત્રોમાં સાઉથ ઝોન 650થી વધુ રનનો લક્ષ્યાંક ક્યારેય ચેઝ કરી શકવાનું ન હતું.

પ્રથમ ઈનિંગ્સની સરસાઈ જ મેચ જીતવા માટે પૂરતી છે તેવો આ નિયમ એ મુખ્ય કારણોમાંથી એક છે કે શા માટે સારી પિચો પર 20 વિકેટ લેવા માટે ભારતને સંઘર્ષ કરવો પડે છે. જો કોઈ ટીમ ડોમેસ્ટિક મેચની બે ઈનિંગ્સમાં બોલિંગ જ ન કરે, તો તે 20 વિકેટ લેતા કેવી રીતે શીખે? શ્રીલંકામાં બીજી ટેસ્ટના છેલ્લા દિવસે ભારત જીત માટે બાકી રહેલી છેલ્લી 4 વિકેટો ન લઈ શક્યું અને મુશ્કેલીમાં મુકાઈ ગયું હતું.

જેમ કોઈ બેટ્સમેનને 20 અને 30 રનથી અડધી સદી સુધી અને 70 તથા 80 રનથી સદી સુધી પહોંચતા શીખવામાં સમય લાગે છે, તેવી જ રીતે બીજી ઈનિંગ્સમાં 10 વિકેટ કેવી રીતે લેવી તે સમજવામાં પણ સમય લાગે છે. અલબત્ત, તેમાં સ્ટેમિનાનો પ્રશ્ન પણ છે, કારણ કે 4 દિવસના તણાવપૂર્ણ ક્રિકેટ પછી માત્ર શારીરિક જ નહીં પણ માનસિક તણાવ પણ ખૂબ વધી શકે છે. અને તેનો સામનો કેવી રીતે કરવો તે શીખવાનો એકમાત્ર રસ્તો ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટ છે. પરંતુ, જો પ્રથમ ઈનિંગ્સમાં વિશાળ સરસાઈ મેળવનાર ટીમ



**લેઈટ કટ**

- સુનિલ ગવાસ્કર

ફરીથી મેદાન પર ઉતરવામાં જ રસ ન દાખવે, તો આ અનુભવ કેવી રીતે મળે? ઘણા સમય પહેલા જ્યારે હું બીસીસીઆઈ ટેકનિકલ કમિટીનો ચેરમેન હતો, ત્યારે અમે રણજી ટ્રોફીની ઝોનલ સિસ્ટમ નાબૂદ કરીને એલીટ અને પ્લેટ ટુર્નામેન્ટ શરૂ કરવા જેવા કેટલાક ક્રાંતિકારી નિર્ણયો લીધા હતા. આનાથી ખેલાડીઓને માત્ર પોતાના ઝોનમાં રમવાને બદલે દેશના અલગ-અલગ ભાગોમાં અને વિવિધ હવામાન પરિસ્થિતિઓમાં રમવાનો અનુભવ મળ્યો. પોઈન્ટ સિસ્ટમમાં પણ ફેરફાર કરીને પ્રથમ ઈનિંગ્સની સરસાઈ માટે માત્ર 1 પોઈન્ટ, સીધી જીત માટે 2 પોઈન્ટ અને કોઈ બોનસ પોઈન્ટ નહીં (જેમાં હેરાફેરી થઈ શકતી હતી) એવો નિયમ બનાવ્યો હતો.

નોકઆઉટ માટે ક્વોલિફાય થવા માટે ટીમોએ સીધી જીત મેળવવી પડતી હતી અને તેથી 3 દિવસીય મેચો પણ રસપ્રદ બની જતી હતી કારણ કે ટીમો સીધી જીત મેળવવા માટે નીડરતાથી રમતી હતી. પછી, જેવું ભારતીય ક્રિકેટમાં થાય છે તેમ, કેટલાક સ્વાર્થી તત્વોએ પ્રથમ ઈનિંગ્સની સરસાઈ માટે વિજયી પોઈન્ટ્સ અને ચોક્કસ રન તથા વિકેટો માટે બોનસ પોઈન્ટ્સની વ્યવસ્થા ફરી શરૂ કરી દીધી. જ્યારે ટીમો પોતાની શક્તિ મુજબ પિચો તૈયાર કરવા લાગી, ત્યારે બીસીસીઆઈ શરૂઆતમાં અમ્પાયરના રિપોર્ટના આધારે તેમને દંડ કરવાનો વિચાર કરતી હતી પરંતુ બાદમાં અમ્પાયરોને સમજાયું કે જો તેઓ ઉચ્ચ સ્તરે અમ્પાયરિંગ કરવાની મહત્વાકાંક્ષા ધરાવતા હોય, તો તેઓ સત્તામાં રહેલા એસોસિએશનોને નારાજ કરી શકે નહીં અને તેમની નબળા ધોરણોવાળી પિચો વિશે રિપોર્ટ કરી શકે નહીં.

આજે બીસીસીઆઈમાં સિલેક્શન કમિટીઓ અને સીએસી (CAC) સિવાય કોઈ સમિતિઓ રહી નથી. કદાચ હવે સીએસીનો વ્યાપ વધારવાનો અને સિલેક્ટર્સ તથા કોચની પસંદગી કરવાની તેની જવાબદારી ઉપરાંત ડોમેસ્ટિક અને ઇન્ટરનેશનલ મેચોના શેડ્યુલ તથા ભારતીય ક્રિકેટ સંબંધિત તમામ બાબતો જોવાનો સમય આવી ગયો છે. કેટલાક અત્યંત અનુભવી ભૂતપૂર્વ ક્રિકેટરો છે જેમના જ્ઞાનનો ઉપયોગ આ સમિતિમાં કરવા માટે થઈ શકે છે. સચિન તેંડુલકર, રાહુલ દ્રવિડ, સૌરવ ગાંગુલી, રવિ શાસ્ત્રી, અનિલ કુંબલે, હરભજન સિંહ, વિરેન્દ્ર સેહવાગ જેવા કેટલાક નામો કેવા રહેશે? પ્રમુખ અને સેક્રેટરી પણ તેમાં રહેશે.

જ્યારે આ સમિતિ કોચ, કેપ્ટન અને એનસીએ (NCA)ના વડા સાથે ચર્ચા-વિચારણા કરશે, ત્યારે તેનું વજન અપ્રતિમ હશે. મહિલા ક્રિકેટ માટે પણ આવી જ એક સમિતિ હોવી જોઈએ, જ્યાં ભારતીય ક્રિકેટને આગળ લઈ જવા માટે અનુભવ અને કુશળતાનો સંગમ થાય.

આના વિશે વિચારવાથી જ રોમાંચ અનુભવાય છે. શું આવું ક્યારેય થશે કે પછી આ માત્ર એક સ્વપ્ન બની રહેશે?

# સબાલેન્કા યુએસ ઓપનની ટાઇટલ હેટ્રિક પૂરી કરવાના સંકલ્પ સાથે ઉતરશે

**શું રિબાકીના** ફાઈનલમાં સબાલેન્કાની પાર્ટી બગાડશે?

**મેચ** મધ્યરાત્રીએ 1.30 વાગ્યે શરૂ થશે



ન્યૂયોર્ક, તા. 12 (એપી): ન્યૂયોર્કમાં ચાલી રહેલી યુએસ ઓપન ટેનિસ ટુર્નામેન્ટની મહિલા સિંગલ્સની ફાઈનલમાં આજે વિશ્વની ટોપ-2 ખેલાડીઓ આર્યના સબાલેન્કા અને એલિના રિબાકીના સામસામે ટકરાશે. 28 વર્ષીય સબાલેન્કા સતત ત્રીજું યુએસ ઓપન ટાઈટલ જીતવાના ઈરાદા સાથે ઉતરશે, જ્યારે સેમિફાઈનલમાં કોકો ગફને હરાવનાર 27 વર્ષીય રિબાકીના આ વર્ષના પોતાના બીજા ગ્રાન્ડસ્લેમ ટાઈટલ માટે દાવ લગાવશે.

સોમવારે જાહેર થનારા નવા WTA રેન્કિંગમાં સબાલેન્કાને પાછળ છોડીને રિબાકીના પ્રથમ સ્થાને પહોંચી જશે ત્યારે ફાઈનલમાં બંને વચ્ચેનો જંગ રસપ્રદ બની રહેશે. બંને ખેલાડીઓ વચ્ચે અત્યાર સુધી રમાયેલી 17 મેચોમાંથી સબાલેન્કાએ 10 મેચ જીતી છે, જ્યારે ફાઈનલ મુકાબલાઓની વાત કરીએ તેમાં રિબાકીનાનો 4-2થી દબદબો રહ્યો છે.

સબાલેન્કાએ સેમિફાઈનલમાં જેસિકા પેગુલાને 7-5, 6-2થી હરાવીને સતત ચોથી વાર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. બીજી તરફ, રિબાકીનાએ જણાવ્યું હતું કે ફાઈનલમાં વિરોધી ખેલાડી સામે પોતાની શ્રેષ્ઠ સર્વ અને આક્રમક રમત જાળવી રાખવી મહત્વપૂર્ણ રહેશે.

# મહિલા T20 એશિયા કપ ફાઈનલ: આજે ભારતનો ઈરાદો રેકોર્ડ આઠમું ટાઈટલ જીતવાનો

**2024ના** ફાઇનલમાં મળેલી હારનો બદલો લેવા હરમનપ્રીત કૌરની સેના તૈયાર

**શેફાલી** અને દીપ્તિ શર્મા પર આશાનો દરોમદાર

**મેચનું** જીવંત પ્રસારણ સોની સ્પોર્ટ્સ ટેન પર જ્યારે લાઈવ સ્ટ્રીમીંગ સોની લિવ પર રાત્રે 8 વાગ્યાથી



દુબઈ, તા. 12 (પીટીઆઈ): દુબઈમાં રવિવારે રમાનારા મહિલા T20 એશિયા કપના ફાઈનલ મુકાબલામાં સાત વારની ચેમ્પિયન ભારતીય ટીમ શ્રીલંકા સામે વિજય મેળવીને રેકોર્ડ આઠમું ટાઈટલ જીતવાના લક્ષ્ય સાથે મેદાનમાં ઉતરશે.

ટૂર્નામેન્ટમાં 168 રન સાથે સર્વાધિક રન બનાવનાર શેફાલી વર્મા અને 11 વિકેટ સાથે શ્રેષ્ઠ બોલિંગ કરનાર દીપ્તિ શર્મા ભારતીય આક્રમણની મુખ્ય ધુરી રહેશે. સ્મૃતિ મંધાનાની (154 રન) સદી સિવાય શેફાલીએ ધીમી પિચો પર પણ સતત રન બનાવીને ટીમને મજબૂતી આપી છે. બીજી તરફ, અટાપટ્ટુની આગેવાની હેઠળની શ્રીલંકન ટીમે સેમિફાઈનલમાં પાકિસ્તાન સામે 2 વિકેટે 5 રનની ખરાબ શરૂઆત છતાં હર્ષિથા સમરવિક્રમા (36) અને કવિશા દિલહારીની (33) ઉપયોગી ઈનિંગ્સ વડે વાપસી કરીને પોતાનું કૌવત બતાવ્યું છે.

2024ની ફાઈનલમાં શ્રીલંકાએ ભારતને 8 વિકેટે હરાવ્યું હતું, જેથી હરમનપ્રીત કૌરની ટીમ આ વખતે કોઈ ભૂલ કરવા માગશે નહીં.

ભારત માટે સૌથી મોટો ચિંતાનો વિષય નબળું ફિલ્ડિંગ અને મધ્યમ ક્રમનું બેટિંગ છે. ભારતીય ટીમે આ ટૂર્નામેન્ટની 4 મેચોમાં કુલ 9 કેચ છોડ્યા છે, જેમાં સેમિફાઈનલમાં બાંગ્લાદેશ સામે 4 અને પાકિસ્તાન સામે 3 કેચ ટપકાવ્યા હતા. આ સિવાય ભારતીય બેટર શરૂઆત સારી થઈ પછી તેને મોટા સ્કોરમાં બદલવામાં અને બાઉન્ડ્રી મેળવવામાં નિષ્ફળ રહ્યા છે.

# ઈંગ્લેન્ડે પાકિસ્તાનને 3-0થી ક્લીન સ્વીપ કર્યું

**ઈંગ્લેન્ડે** ત્રીજી ટેસ્ટમાં 8 વિકેટે આસાન વિજય મેળવ્યો

**130 રનના** લક્ષ્યાંક સામે જો રૂટ અને જોર્ડન કોક્સની અણનમ અર્ધસદી



**WTC પોઈન્ટ ટેબલની વર્તમાન સ્થિતિ:**

આ વિજય સાથે ઈંગ્લેન્ડ 16 મેચોમાં 7 જીત અને 38.54% અંક સાથે પોઈન્ટ ટેબલમાં સાતમા સ્થાનેથી છઠ્ઠા સ્થાને પહોંચી ગયું છે, જોકે સ્લો ઓવર રેટના કારણે તેમના 14 અંક કાપવામાં આવ્યા છે. બીજી તરફ 3-0થી હાર સહન કરનારી પાકિસ્તાન ટીમ 9 મેચોમાં 7 હાર સાથે 17.78% અંક (16 પોઈન્ટ) મેળવીને સૌથી નીચલા એટલે કે 9મા સ્થાને યથાવત છે. ઓસ્ટ્રેલિયા 80% અંક સાથે પ્રથમ સ્થાને છે, જ્યારે ભારતીય ટીમ 51.2% જીતની ટકાવારી સાથે 5મા સ્થાને છે.

એજબેસ્ટન, તા. 12: ઈંગ્લેન્ડે એજબિસ્ટન ખાતે રમાયેલી ત્રીજી ટેસ્ટ મેચમાં પાકિસ્તાનને 8 વિકેટે કરારી હાર આપીને ત્રણ મેચોની ટેસ્ટ શ્રેણીમાં 3-0થી ક્લીન સ્વીપ કર્યું છે. આ શાનદાર વિજય સાથે ઈંગ્લેન્ડે વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશિપના પોઈન્ટ ટેબલમાં પોતાની સ્થિતિમાં સુધારો કર્યો છે, જ્યારે શ્રેણીમાં નિરાશાજનક પ્રદર્શન કરનારી પાકિસ્તાની ટીમ છઠ્ઠી ટેસ્ટ શ્રેણી હારીને ટેબલમાં સૌથી નીચલા સ્થાને રહી છે. બીજી ઈનિંગ્સમાં 320 રનથી પાછળ રહ્યા બાદ પાકિસ્તાને વાપસી કરવાનો પ્રયાસ કર્યો હતો અને 449 રન બનાવ્યા હતા. કેપ્ટન શાન મસૂદ (95) સદી ચૂક્યો હતો, જ્યારે બાબર આઝમે 76 અને અઝાન અવાઈસે 59 રનનું યોગદાન આપ્યું હતું. નીચલા ક્રમે રઝાઉલ્લાહે 63 બોલમાં 9 છગ્ગા સાથે 81 રન ફટકાર્યા હતા. ઈંગ્લેન્ડ તરફથી ગસ એટકિન્સને 3 વિકેટ ઝડપી હતી.

જીત માટે મળેલા 130 રનના લક્ષ્યાંકનો પીછો કરતા ઈંગ્લેન્ડે બેન ડકેટ (0) અને એમિલિયો ગે (0) ની વિકેટ ઝડપથી ગુમાવી દીધી હતી, જે બંનેને મોહમ્મદ અબ્બાસે આઉટ કર્યા હતા. જોકે, ત્યારબાદ કેપ્ટન જો રૂટ (62) અને વિકેટકીપર જોર્ડન કોક્સે (59) અણનમ અર્ધસદી ફટકારીને 24.2 ઓવરમાં ટીમને 8 વિકેટે આસાન વિજય અપાવ્યો હતો.

આ પહેલાં મેચમાં ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી પાકિસ્તાનની પ્રથમ ઈનિંગ્સ ઈંગ્લેન્ડના ફાસ્ટ બોલરો સામે માત્ર 133 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ઈંગ્લેન્ડ તરફથી જોશ ટંગે 42 રનમાં 4 વિકેટ, ઓલી રોબિન્સને 15 રનમાં 3 વિકેટ અને જોફ્રા આર્ચર 25 રનમાં 3 વિકેટ ઝડપી હતી. પાકિસ્તાન માટે સઉદ શકીલે 43 અને મોહમ્મદ અબ્બાસે 21 રન બનાવ્યા હતા. જવાબમાં ઈંગ્લેન્ડે પોતાની પ્રથમ ઈનિંગ્સમાં 453 રન બનાવીને 320 રનની વિશાળ સરસાઈ મેળવી હતી. ઈંગ્લેન્ડ માટે હેરી બ્રુક (75), જેમી સ્મિથ (69), ડેન લોરેન્સ (65), એમિલિયો ગે (60) અને ઓલી રોબિન્સને (50) અર્ધશતકીય ઈનિંગ્સ રમી હતી. પાકિસ્તાન તરફથી રઝાઉલ્લાહે 4 વિકેટ ઝડપી હતી.

# યુરોપિયન ફૂટબોલ રાઉન્ડઅપ: ફિઓરેન્ટિના અને વેસ્ટ હેમની શાનદાર જીત

**ફિઓરેન્ટિનાના** મસ્તાન્ટુઓનોની હેટ્રીક બુંડેસલીગામાં શાલકેનો વિજય, લા લિગા અને લીગ 1માં સેવિલે અને રેન્સ આગળ

વેનીસ, તા. 12 (એપી): રેન્સ અને સેવિલે પોતપોતાની લીગમાં શાનદાર પ્રારંભ જાળવી રાખ્યો છે, જ્યારે ફિઓરેન્ટિનાએ સિરી-Aમાં પ્રથમ વિજય મેળવ્યો છે અને શાલકેએ બુંડેસલીગાની મેચમાં 3-1થી વિજય મેળવ્યો છે, જ્યાં રેફરી બદલવા પડ્યા હતા.

વેનિસ સામેની મેચમાં અકોર એડમ્સના ગોલથી વેનિસ 22મી મિનિટમાં આગળ થયું હતું, પરંતુ ફ્રાન્કો મસ્તાન્ટુઓનોએ 29મી અને 30મી મિનિટમાં ગોલ કરીને ફિઓરેન્ટિનાને હાફ ટાઈમ સુધીમાં સરસાઈ અપાવી હતી. મેટિયો પેલેગ્રિનોએ સ્કોર 3-1 કર્યો અને મસ્તાન્ટુઓનોએ મેચ પૂરી થવાની 6 મિનિટ અગાઉ હેટ્રિક પૂરી કરી હતી. એન્ટોઈન હેનાઉટે અંતમાં બીજો ગોલ કર્યો છતાં વેનિસનો પરાજય થયો હતો આ સાથે જ ફિઓરેન્ટિના 15માં સ્થાને પહોંચી ગયું છે.

બુંડેસલીગામાં શાલકે સામે યૂનિયન બર્લિનનો 3-1થી પરાજય થયો હતો. રોબિન ગોસેન્સે શાલકે માટે ખાતું ખોલાવ્યું હતું અને હાફ ટાઈમ બાદ ઓચિચે લીડ બમણી કરી હતી. ઈન્જ_રી ટાઈમના છઠ્ઠા મિનિટમાં ટિમ સ્કારકે ગોલ કર્યા બાદ મેક્સિમિલિયન વોબરે અંતિમ ક્ષણોમાં શાલકે માટે ત્રીજો ગોલ નોંધાવ્યો હતો. મેચ દરમિયાન રેફરી ટિમો ગેરાચને ઈજા થતાં ચોથા રેફરી જાર્નો વિનેફેલ્ડે મેચ સંભાળી હતી.

# પ્રથમ T20I: આજે અફઘાનિસ્તાનના વિશ્વસ્તરીય સ્પિનરો સામે ભારતની કસોટી

**ઈશાન** કિશનની પીઠની ઈજાના કારણે બહાર થતાં સંજુ સેમસન અને વૈભવ સૂર્યવંશી વચ્ચે પસંદગીનો ધર્મસંકટ

**ભારતીય** ટીમ માટે સ્પિન વિભાગની પસંદગી પણ મહત્વની રહેશે



નવી દિલ્હી, તા.12 (પીટીઆઈ): અફઘાનિસ્તાન સામે રવિવારથી શરૂ થઈ રહેલી ત્રણ મેચોની T20I શ્રેણીની પ્રથમ મેચમાં ભારતીય ટીમ મેનેજમેન્ટ સામે વિકેટકીપર સંજુ સેમસન અને 15 વર્ષીય યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીમાંથી કોને રમાડવો તે અંગે મોટી મૂંઝવણ ઉભી થઈ છે. સેમસનનો અનુભવ અને અભિષેક શર્મા સાથેની તેની સ્થિર જોડી ટીમ માટે મજબૂત પક્ષ છે, પરંતુ યુવા સૂર્યવંશીની આક્રમક બેટિંગ પણ પસંદગીકારોને આકર્ષી રહી છે.

શુક્રવારના નેટ સેશન દરમિયાન ઈશાન કિશનને પીઠની ઈજાની સમસ્યા સર્જાઈ હતી. જો ઈશાન મેચમાંથી બહાર થાય છે, તો સેમસન અને સૂર્યવંશી બંને ખેલાડીઓ પ્લેઈંગ-11માં સ્થાન મેળવી શકે છે. એશિયન ગેમ્સની તૈયારીઓ માટે ભારતીય ટીમ માટે રાશીદ ખાન, નૂર અહમદ અને મુજીબ ઉર રહમાન જેવા વર્લ્ડ ક્લાસ સ્પિનરો ધરાવતી અફઘાન ટીમ સામે રમવું એ એક ઉત્તમ તક સાબિત થશે.

હેડ કોચ ગૌતમ ગંભીર અને કેપ્ટન શ્રેયસ અય્યર માટે સ્પિન વિભાગની પસંદગી પણ મહત્વની રહેશે. અક્ષર પટેલ અને વોશિંગ્ટન સુંદરનું સ્થાન લગભગ નક્કી માનવામાં આવે છે, જ્યારે વરુણ ચક્રવર્તી અથવા ફાસ્ટ બોલર યશ ઠાકુરમાંથી કોઈ એકને સ્થાન મળી શકે છે. જસપ્રીત બુમરાહ, અર્શદીપ સિંહ અને ઓલરાઉન્ડર નિતિશ કુમાર રેડ્ડી મુખ્ય પેસ એટેકની જવાબદારી સંભાળશે. આ ઉપરાંત બીસીસીઆઈ દ્વારા આયોજિત આ શ્રેણીથી અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડને બ્રોડકાસ્ટ અને ગેટ સેલ્સ દ્વારા આર્થિક મદદ પણ મળશે.

## અનુસંધાન... પાના પહેલાનું

### બ્રિક્સએ વૈવિધ્યસભર...

તટસ્થતા અને સમાન પરંતુ અલગ જવાબદારીઓના સિદ્ધાંત પર ભાર મૂકતી વખતે ન્યાયપૂર્ણ, વ્યવસ્થિત, ન્યાયસંગત અને સમાવેશી ઊર્જા સંક્રમણો અને ગ્રીનહાઉસ ગેસના ઓછા ઉત્સર્જનની માંગ કરવામાં આવી. જૂથ દ્વારા જણાવાયું કે, ઊર્જા સુરક્ષા માટે ઊર્જા બજારની સ્થિરતા અને વિવિધ સ્ત્રોતોમાંથી ઊર્જાનો અવિરત પ્રવાહ જાળવી રાખવો, તેમ જ મજબૂત મૂલ્ય ચેઈન અને મહત્ત્વપૂર્ણ ઊર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું રક્ષણ જરૂરી છે.

### બ્રિક્સે પહેલગામ...

તમામ લોકો અને તેમને સમર્થન આપતા લોકોને જવાબદાર ઠેરવવા જોઈએ તથા સંબંધિત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર તેમને ન્યાયના કઠેરામાં લાવવા જોઈએ.” આતંકવાદી નેટવર્ક્સ સામે અડગ વલણની માંગણી કરતાં ઘોષણાપત્રમાં કહેવામાં આવ્યું છે કે, “અમે આતંકવાદ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતા સુનિશ્ચિત કરવા અને આતંકવાદનો સામનો કરવામાં બેવડાં ધોરણોને નકારવા વિનંતી કરીએ છીએ. અમે આતંકવાદનો સામનો કરવામાં દેશોની પ્રાથમિક જવાબદારી પર ભાર મૂકીએ છીએ.”

### ઉત્તર કોરિયાએ સમુદ્ર...

વધારી દીધી છે અને યુએસ અને જાપાન સાથે પ્રક્ષેપણો વિશે નજીકથી માહિતીની આપ-લે કરી રહી છે. દક્ષિણ કોરિયાની રાષ્ટ્રીય સુરક્ષા પરિષદે ઉત્તર કોરિયાને યુએન સુરક્ષા પરિષદના પ્રસ્તાવનું ઉલ્લંઘન કરતાં બેલિસ્ટિક મિસાઈલ પ્રક્ષેપણોને અટકાવવા વિનંતી કરતું એક નિવેદન બહાર પાડ્યું હતું. યુએસ પેસિફિક કમાન્ડે જણાવ્યું હતું કે, ઉત્તર કોરિયાનું પ્રક્ષેપણ યુએસ પ્રદેશ અથવા તેના મિત્ર દેશો માટે તાત્કાલિક જોખમ ઊભું કરતું નથી. તેણે જણાવ્યું હતું કે યુએસ તેના માતૃભૂમિ અને પ્રદેશમાં તેના મિત્ર દેશોના રક્ષણ માટે પ્રતિબદ્ધ છે.

### એનબીએફસી લાયસન્સ...

લિસ્ટિંગ માટે દબાણ કરી રહ્યો છે. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, લિસ્ટિંગ થવાથી ગ્રૂપે તેની તમામ બાબતો તેમજ કેપિટલ એલોકેશન વિશે વધુ પારદર્શક રહેવું પડશે, અને રોકાણકારોના દબાણને કારણે નાણાકીય વળતરની માંગ વધશે, જેનાથી લાંબા ગાળાના જોખમી રોકાણો કરવા મુશ્કેલ બનશે.સમાચાર અહેવાલો મુજબ, બિઝનેસના લિસ્ટિંગનો મુદ્દો પણ એ કારણોમાંથી એક હતો જેના લીધે નોએલ ટાટાએ ચંદ્રશેખરનની પુન:નિમણૂક વિરુદ્ધ મતદાન કર્યું હતું. રતન ટાટાના સાવકા ભાઈ, જેઓ ટાટા ટ્રસ્ટ્સના ચેરમેન છે અને ટાટા સન્સના બોર્ડ સભ્ય પણ છે, તેઓ ચંદ્રશેખરન પાસેથી એવી વચનબદ્ધતા ઈચ્છતા હતા કે ટાટા સન્સને લિસ્ટિંગ માટે મજબૂર કરવામાં ન આવે. જ્યારે ચંદ્રશેખરનનું માનવું હતું કે કોઈ પણ નિયમનકારી કે કાનૂની બાબતના પરિણામ અંગે અગાઉથી નિશ્ચિતપણે કંઈ કહી શકાય નહીં. નોએલ ટાટા દ્વારા ઉઠાવવામાં આવેલા અન્ય મુદ્દાઓમાં ટાટા ડિજિટલ અને એર ઈન્ડિયા સહિતના ગ્રૂપના અન્ય વ્યવસાયોમાં થઈ રહેલું નુકસાન પણ સામેલ હતું, જે ચંદ્રશેખરનના લગભગ એક દાયકા લાંબા કાર્યકાળ દરમિયાન શરૂ કરવામાં આવ્યા હતા અથવા હસ્તગત કરવામાં આવ્યા હતા.

### ફિલિપાઇન્સમાં ફેરી...

કે, મુસાફરે એક ધમાકો સાંભળ્યો હોવાનું યાદ કર્યું હતું, જે બાદ પવનને કારણે ધુમાડો અને આગ ઝડપથી ફેલાઈ ગયા હતા. કોરોનના બોરાક બંદર પર ટેન્ટ બાંધવામાં આવ્યા હતા, જ્યાં ફેરીમાંથી લાવવામાં આવેલા મૃતદેહોની બેગ્સને જહાજમાંથી નીચે ઉતારવામાં આવી હતી. કોસ્ટ ગાર્ડના પ્રવક્તા કમોડોર નોએમી કાયાબ્યાબે જણાવ્યું કે, સત્તાવાળાઓ જહાજના કેપ્ટનની શોધખોળ કરી રહ્યા છે, જેઓ બચી ગયા હોવાનું કહેવાય છે પરંતુ બચેલા લોકોની યાદીમાં તેમનું નામ નથી. તેમણે ઉમેર્યું હતું કે, બહુ-એજન્સી દરિયાઈ સુરક્ષા અને ગુનાહિત તપાસ તમામ પાસાઓ તથા કેપ્ટન અને ક્રૂની સંભવિત જવાબદારીની તપાસ કરશે. કાયાબ્યાબે જણાવ્યું કે, બચેલા મુસાફરોએ આપવીતી બતાવી હતી કે આગ એટલી ઝડપથી ફેલાઈ હતી કે લાઈફ જેકેટ લેવાનો સમય જ ન મળ્યો. જહાજના ખુલ્લા વિસ્તારોને વરસાદથી બચાવતી તાડપત્રી “એક સંભવિત કારણ હોઈ શકે છે, પરંતુ તેઓ અંદર ફસાઈ ગયા હતા કે કેમ તે અમે અત્યારે નક્કી કરી શકતા નથી.” તપાસકર્તાઓ એ પણ તપાસ કરશે કે આગ સંબંધિત કટોકટીની પ્રક્રિયાઓનું પાલન કરવામાં આવ્યું હતું કે નહીં, જેમાં કેપ્ટને એલાર્મ વગાડ્યો હતો કે ચેતવણી અને સૂચનાઓ આપી હતી કે નહીં, અને ક્રૂએ મુસાફરોને મદદ કરી હતી કે નહીં તેનો સમાવેશ થાય છે. ફિલિપાઇન્સના દ્વીપસમૂહમાં વાહનવ્યવહાર માટે ફેરીનો ઉપયોગ અવારનવાર થાય છે.

### સંબંધોના વિકાસ...

નિવારણ કરવાની તથા સાર્થક અને અનુમાનિત માર્કેટ એક્સેસની સુવિધા પૂરી પાડવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે શનિવારે ભારત અને ચીન વચ્ચેના મતભેદોને વિવાદોમાં ફેરવાતા અટકાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. બંને નેતાઓએ લગભગ સાત વર્ષમાં ભારતીય ભૂમિ પર તેમની પ્રથમ દ્વિપક્ષીય બેઠક યોજી હતી. આ બેઠક નવી દિલ્હીમાં બ્રિક્સ સમિટ દરમિયાન યોજાઈ હતી, જેમાં બંને નેતાઓએ ઓગસ્ટ 2025માં તિયાનજિનમાં તેમની અગાઉની બેઠક બાદ સંબંધોને સ્થિર કરવામાં થયેલી પ્રગતિની સમીક્ષા કરી હતી. આ મંત્રણાઓનું વિશેષ મહત્ત્વ એટલા માટે છે કારણ કે, નવી દિલ્હી અને બેઈજિંગ તેમની વિવાદિત સરહદ પર વર્ષોના તણાવ પછી સંબંધોને ફરીથી બાંધવાના પ્રયાસો કરી રહ્યા છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, પીએમ મોદી અને ઝી એ વાત પર સહમત થયા હતા કે, બંને દેશોએ તેમના સંબંધોને ‘વ્યૂહાત્મક અને લાંબા ગાળાના પરિપ્રેક્ષ્ય’થી જોવા જોઈએ. બંને નેતાઓએ સંવાદ દ્વારા મતભેદોને ઉકેલવાની સાથેસાથે સહકારના ક્ષેત્રોને વિસ્તારવાના મહત્ત્વને પણ રેખાંકિત કર્યું હતું. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું, “મતભેદો વિવાદો ન બનવા જોઈએ.” પીએમ મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, બે એશિયન સત્તાઓ વચ્ચેના સંબંધો ત્રણ સિદ્ધાંતો આધારિત હોવા જોઈએ: “પરસ્પર આદર, પરસ્પર સંવેદનશીલતા અને પરસ્પર હિત.” સરહદનો મુદ્દો ચર્ચાઓના કેન્દ્રમાં રહ્યો હતો, જેમાં પીએમએ ભાર મૂક્યો હતો કે, દ્વિપક્ષીય સંબંધોના સતત વિકાસ માટે સરહદ પર સુલેહ-શાંતિ અને સ્થિરતા આવશ્યક છે. તેમણે બંને પક્ષોને સરહદ સંબંધિત બાબતો પર હાલના કરારો અને સમજૂતીઓનું પાલન કરવાનું આહ્વાન કર્યું હતું. ભારત અને ચીને સરહદી પ્રશ્નના ન્યાયી, વાજબી અને પરસ્પર સ્વીકાર્ય ઉકેલ શોધવા માટે તેમની પ્રતિબદ્ધતાનો પણ પુનરોચ્ચાર કર્યો હતો.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### માથામાં ખોડો

એક પ્રકારની ફૂગ છે. માથું અરીઠા થી ધૂઓ. Skinall ગોળી બે બે ગોળી ત્રણ વાર લેવી. માથે લગાડો.

## આજનું પંચાંગ

**તા. 13/09/2026, રવિવાર**

**વિક્રમ સંવત** : 2082 **શાકે** : 1948
**વીર સંવત** : 2552 **માસ** : ભાદરવો
**તિથિ**: સુદ બીજ 07:09 પછી ત્રીજ
**અયન** : દક્ષિણાયન **ઋતુ** : શરદ
**રાષ્ટ્રિય દિનાંક** : ભાદરવા: 22
**યોગ** : શુકલ **કરણ**: તૈતિલ
**નક્ષત્ર** :હસ્ત: 13:08
**રાશિ**: કન્યા (પ.ઠ.ણ.) 25:29 પછી તુલા (ર.ત.)
**દિવસ** : શુભ - વરાહ જયંતી
**સુરતમાં સૂર્યોદય** : 06:26
**સુરતમાં સૂર્યાસ્ત** : 18:43 **નવકારસી** : 07:14
**પારસી વર્ષ** : 1396 ફરવરદીન માસનો 30મો રોજ
**મુસલમાન વર્ષ** : 1448, રબિઉલ આખર માસનો પ્રથમ રોજ
**દિવસનાં ચોઘડિયાં**: ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ
**રાત્રિનાં ચોઘડિયાં**: શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ
**રાહુ કાળ** : સાંજે : 16:30 થી 18:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** મોજ શોખ પાછળ ખર્ચા વધશે. વિજાતિય આવેગ સતાવશે. ખાવા-પીવા પર કંટ્રોલ રાખવો.

**વૃષભ (બ,વ,ઉ,):** રોમેન્ટીક મુલાકાત તથા પ્રવાસ થાય. મોજ-શોખના ધંધામાં આવક વધે. પ્રેમમાં સાથ મળે.

**મિથુન (ક,છ,ઘ,):** સામાજિક પ્રવૃત્તિ થાય. ઘરમાં નવા ફેરફાર થાય. બહારના કામનો બોજ વધે. પ્રવાસમાં ધીરજ રાખવી.

**કર્ક (ડ,હ,):** જીવન સાથી સાથે મનોરંજન પ્રવાસ થાય. શુભ સમાચાર મળે. બૌદ્ધિક કાર્યમાં સફળતા મળે.

**સિંહ (મ,ટ,):** મોજ-શોખ-ખાણી-પીણી હીરા-ઝવેરાત વગેરે ધંધામાં આવક વધે. ઘરમાં અવરજવર વધે.

**કન્યા (પ,ઠ,ણ,):** ક્રિએટીવ અને કાલ્પનિક બનશો. રંગીન રોમેન્ટીક મુકાત થાય. પ્રેમનો પ્રસ્તાવ મળી શકે છે.

**તુલા (ર,ત,):** બહારના ખાવા પર કંટ્રોલ રાખવો. ખર્ચા વધે. વિવાદ થાય. વિદેશના કામમાં પ્રગતિ થાય.

**વૃશ્ચિક (ન,ય,):** પુત્રી સંતાનથી શાંતિનો અનુભવ તાય વફાદાર વિજાતિય મિત્રોનો સાથ મળે. ઈર્ષાળુથી સાવધાન.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** સ્ત્રી વર્ગને ઉપયોગી ચીજ વસ્તુનાં વેપારમાં પ્રગતિ થાય. સમાજમાં સ્ત્રી વર્ગનો સાથ મલે. આવક વધે.

**મકર (ખ,જ,):** મિત્રો સાથે મનોરંજન થાય. નોકરી ધંધા માટે પ્રવાસ થાય. ઉચ્ચ શિક્ષણમાં નવી યોજના પાર પડે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** પ્રવાસમાં કોઇની વાતોમાં આવવું નહીં. ચોર-લૂટારુંથી સાવધાન. ધાર્મિક પ્રવૃત્તિથી શાંતિ મળે.

**મીન (દ,ચ,ઝ,થ,):** ભાગીદારીની નવી યોજના પાર પડે તથા સંબંધો મજૂબત બને ઉંમર લાયકને યોગ્ય પાત્ર મળે.

## કોઈ પણ સાલમાં 13 સપ્ટેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું નવું વર્ષ સામાન્ય રહેશે. નવા વેપાર ધંધા- વ્યવસાયની યોનજામાં મિત્રો વડીલોના સાથ મળે. ટેક્નોલોજીનો લાભ મળે. નોકરીમાં જવાબદારી સાથે સ્થાન ફેરથી અશાંતિ વધે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સામાન્ય રહે. સમાજમાં માન વધે. પરિવાર કુટુંબની અપેક્ષા કાર્યબોજ વધારે સંતાનોના અભ્યાસ-કેરીયરમાં પ્રગતિ થાય. ઉંમરલાયકના વિવાહ થાય. વિદેશના કામમાં મદદ મળે વિદ્યાર્થીઓને તક મળે. પ્રેમ વિવાહમાં મદદ મળે.ઉઘરાણી અને આરોગ્યના પ્રશ્નો સતાવે નવા ઘર વાહન, મકાનની યોજના પાર પડે. યાત્રા-પ્રવાસ ધર્મ કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઈ, રવિ સોમ-બુધવાર, 04, 13, 22, 31 તારીકે નવાં કામ કરવાં નીલા રંગનો ઉપયોગ વધારવો નવેમ્બર, ડિસેમ્બર, શનિ - શુક્રવાર, 07, 16, 25 તારીખે નવા કામ ટાળવાં. સફેદ રંગનો ઉપયોગ ટાળવો રાહુના ઉપાય કરતા રહેવું.